રાજ્યમાં નવા ૫૨૪ કેસ, વધુ ૨૮નાં મોત

અમદાવાદામાં નવા ૩૩૨ કેસો સપાટી પર : ૪૧૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે : ૬૪ લોકો વેન્ટીલેટર પર : અત્યાર સુધીમાં ૨૯૭૮૭૦ ટેસ્ટ કરાયા

અમદાવાદ,તા.૧૬

રાજ્યમાં આજે સતત ચોથા દિવસે કોરોનાના ૫૦૦થી વધુ કેસ નોંધાયા હતા. નવા ૫૨૪ કોરોના પોઝિટિવ દર્દી નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૪૬૨૮ થયો છે. જ્યારે નવા ૨૮ દર્દી સાથે મૃત્યુઆંક ૧૫૩૪ થયો છે. આજે રાજ્યમાં એક દિવસમાં ૪૯૬૧ ટેસ્ટ કરાયા હતા તે સાથે કુલ ટેસ્ટ ૨૯૭૮૭૦ થયા છે. અમદાવાદના ૨૩૫ સહિત રાજ્યમાં કુલ ૪૧૮ દર્દીઓ સાજા થયા છે. આ સાથે સાજા થનાર દર્દીઓની સંખ્યા ૧૭હજારને પાર થઈ ૧૭૦૯૦ થયા છે. રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી સતત ૫૦૦થી વધુ કેસ નોંધાવાથી આરોગ્ય વિભાગ માટે ચિંતાનો વિષય બની ગયો છે. આજે અમદાવાદમાં નવા ૩૩૨ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૭ હજારને પાર થઈ ૧૭૨૯૯ થયો છે. જ્યારે વધુ ૨૧ના મોત છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં થતા કુલ મોત ૧૨૩૧ થયા છે. રાજ્યમાં બીજા ક્રમાંકે સુરતની ચિંતાજનક સ્થિતિ છે. જ્યાં વધુ ૭૧ દર્દી નોંધાતા કુલ સંક્રમીતનો આંકડો ૨૭૧૪ થયો છે. જ્યારે આજે વધુ બે મોત નોંધાતા મૃત્યુઆંક ૧૦૬ પર પહોંચ્યો છે. રાજ્યમાં ત્રીજા ક્રમાંકે વડોદરામાં વધુ ૪૧ કોરોનાના દર્દી નોંધાતા કુલ સંક્રમિતની સંખ્યા ૧૬૩૮ થઈ છે વધુ બે મોત નોંધાતા મૃત્યુઆંક અહીં ૪૫ થયો છે. જ્યારે ગાંધીનગરમાં ૨૨ નવા દર્દી નોંધાતા ૫૦૪ થયા છે. અહીં કુલ મૃત્યુઆંક ૨૧ થયો છે. રાજ્યમાં ૨૨ જિલ્લામાં કોરોનાએ પગપેસરો કર્યો છે. રાજકોટમાં ૧૦, ભરુચમાં ૬, પંચમહાલમાં ૫, અરવલ્લી અને અમરેલીમાં ૪, મહેસાણા, પાટણ, કચ્છ, જામનગર અને સુરેન્દ્રનગરમાં ૩-૩, બનાસકાંઠા, સાબરકાંઠા, આણંદ, ખેડામાં અને અન્ય રાજ્યમાં ૨-૨ કેસ નોંધાયા છે. જ્યારે ભાવનગર બોટાદ, દેવભૂમિ દ્વારકા અને મોરબીમાં ૧-૧ નોંધાયા છે. રાજ્યમાં આજે કુલ એક્ટીવ કેસ છ હજારનો આંકડો વટાવતા ૬૦૦૪ થયો છે. જેમાં વેન્ટીલેટર પર ૬૪ અને સ્ટેબલ ૫૯૪૦ થયો છે. જ્યારે વધુ ૪૧૮ દર્દીઓ સાથે કોરોનાથી સાજા થનારા આંકડાએ ૧૭ હજાર વટાવીને ૧૭૦૯૦ થયો છે. રાજ્યમાં ૨૧૨૯૦૫ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૦૮૮૩૫ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૪૦૭૦ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૭૨૯૯	૧૨૩૧	૧૨૦૫૭
સુરત	૨૭૧૪	૧૧૨	૧૯૬૭
વડોદરા	૧૬૩૮	૪૫	૧૦૭૬
રાજકોટ	૧૬૭	૦૫	૮૭
ગાંધીનગર	૫૧૯	૨૭	૩૧૨
ભાવનગર	૧૭૦	૧૩	૧૧૯
કચ્છ	૧૦૭	૦૫	૭૦
મહેસાણા	૧૯૦	૦૯	૧૧૮
ગીર-સોમનાથ	૫૦	૦૦	૪૫
પોરબંદર	૧૪	૦૨	૦૯
પંચમહાલ	૧૩૧	૧૫	૮૮
પાટણ	૧૨૦	૧૦	૮૩
છોટાઉદેપુર	૪૦	૦૦	૩૪
જામનગર	૮૮	૦૩	૫૭
મોરબી	૦૭	૦૧	૦૪
સાબરકાંઠા	૧૪૩	૦૫	૯૨
આણંદ	૧૩૧	૧૨	૧૦૮
દાહોદ	૪૮	૦૦	૪૦
ભરૂચ	૯૯	૦૫	૪૬
બનાસકાંઠા	૧૫૪	૧૦	૧૨૨
ખેડા	૧૦૯	૦૫	૭૮
બોટાદ	૬૮	૦૨	૫૫
નર્મદા	૩૨	૦૦	૨૩
અરવલ્લી	૧૫૦	૧૪	૧૨૩
મહીસાગર	૧૨૦	૦૨	૧૦૭
નવસારી	૪૦	૦૧	૨૭
તાપી	૦૬	૦૦	૦૫
વલસાડ	૫૯	૦૩	૩૭
જૂનાગઢ	૪૭	૦૧	૩૦
સુરેન્દ્રનગર	૮૧	૦૩	૪૩
દેવભૂમિ દ્વારકા	૧૬	૦૦	૧૪
ડાંગ	૦૪	૦૦	૦૪
અમરેલી	૩૨	૦૫	૧૧
અન્ય રાજ્ય	૦૮	૦૦	૦૦
કુલ	**૨૪૬૨૮**	**૧૫૩૪**	**૧૭૦૯૦**

કોરોના ખબર

- શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહના પીએ ડી.જી. મહેતાને હોમ ક્વોરોન્ટાઈન કરાયા. કોરોનાના લક્ષણો જણાતા સેમ્પલ લેવાયું છે. જોકે હજુ સુધી રિપોર્ટ આવ્યો નથી.
- ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ફરજ બજાવતાં દંપતિને કોરોના પોઝીટીવ.
- દેશમાં દર્દીઓ સાજા થવાનો દર વધીને ૫૨.૪૭ ટકા નોંધાયો છે.
- કોવિડ-૧૯ના પરીક્ષણની ક્ષમતામાં નોંધપાત્ર વધારો, દૈનિક ક્ષમતા વધીને દૈનિક ૩ લાખ થયુ.
- દેશમાં કોરોનાના કેસોમાં સૌથી વધુ મૃત્યુદર ગુજરાતમાં ૬.૨૫ ટકા.
- દિલ્હીના આરોગ્યમંત્રી સત્યેન્દ્ર જૈનને કોરોના લક્ષણ જણાતા ટેસ્ટ કરાયો, રીપોર્ટ પેન્ડિંગ.

બનાસકાંઠામાં વધુ ૨ કેસ નોંધાયા

પાલનપુરના વકીલનો રિપોર્ટ પોઝિટિવ પણ કેસ અમદાવાદમાં ગણાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે વધુ બે કેસ પોઝિટિવ નોંધાયા હતો. જ્યાં ડીસા અને અંબાજીના બે વ્યક્તિઓનો સમાવેશ થયો હતો. જોકે, મુખ્ય મથક પાલનપુરના એક વકીલનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. જેઓ અમદાવાદ સારવાર અર્થે હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા આ કેસ પાલનપુરમાં ગણવામાં ન આવ્યો હોવાનું જણાવવામાં આવ્યુ હતુ.

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર સહિત જિલ્લામાં કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે. જ્યાં મંગળવારે વધુ બે વ્યક્તિના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, ડીસાના એક વ્યક્તિ અને અંબાજીના એક પત્રકારનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત પાલનપુરના એક સરકારી વકીલનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જોકે, એમણે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં રિપોર્ટ કરાવી ત્યાં જ સારવાર અર્થે દાખલ થયા હોઈ આ કેસ અમદાવાદમાં ગણાશે. જિલ્લામાં કોરોનાના બે વધુ કેસ નોંધાતા કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૫૪ એ પહોંચ્યો છે. જ્યારે પાલનપુરમાં સંખ્યા ૬ થઈ છે. જિલ્લામાં ૮ વ્યક્તિઓના મોત થયા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પરથી પ્રવાસીઓને પાછા મોકલાયા

લોકડાઉનમાં ઘરમાં રહીને કંટાળેલા ગુજરાતીઓ હવે છૂટછાટ મળતા પ્રવાસના મૂડમાં : પોલીસે છૂટ ન આપી

રાજપીપળા, તા. ૧૬

નર્મદા રાજપીપળા ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. સરકાર દ્વારા અનલોક-૧ જાહેર કરી આંતર જિલ્લા અને આંતર રાજ્યોની ચેકપોસ્ટ પણ ખુલ્લી મૂકી દીધી છે. લોકડાઉનમાં ઘરમાં રહીને કંટાળેલા ગુજરાતીઓ હવે છૂટછાટ મળતા પ્રવાસના મૂડમાં આવ્યા છે. એટલે ચોમાસાની ઋતુમાં પ્રવાસીઓનો પહેલી પસંદ નર્મદા જિલ્લાનું સ્ટેચ્યુ ઓફ યુનિટી હોય છે.

સરકારે અનલોક જાહેર કર્યું છે તો બીજી બાજુ પ્રવાસન સ્થળો ખુલ્લા મુકવાની સરકારે જાહેરાત કરી ન હોવા છતાં દરરોજના ૨૦૦ થી વધુ પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવે છે, પરંતુ ફરજ પર હાજર પીએસઆઈ કે.કે પાઠકે પ્રવાસીઓની પૂછતાછ કરી ચેકીંગ પણ હાથ ધરાઈ રહ્યું છે. સરકારની સૂચનાને અવગણી સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓને પ્રવેશ અપાયો ન હતો અને એમને સમજાવી પરત મોકલ્યા હતા.

આ બાબતે માહિતી આપતા પીએસઆઈ કે.કે.પાઠકે જણાવ્યું હતું કે હજી પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા પ્રવાસીઓ આવે છે. પરંતુ કેવડિયા ખાતે નર્મદા માતાની મૂર્તિ પાસે પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચનાથી અમારા પોલીસ સ્ટાફ ખુબ જ ગંભીરપુર્વક ચકાસણી કરી પુછપરછ કરી સ્ટેચ્યુ જોવા આવેલા લોકોને પાછા મોકલી આપે છે. અત્યાર સુધી ૨૦૦થી વધુ પ્રવાસીઓની ગાડી પરત કરી છે.

પેટ્રોલ-ડિઝલના ભાવવધારા સામે કોંગ્રેસ દેખાવો યોજશે

સરકારને કોરોનાના કેસની વધતી સંખ્યાની ચિંતા નથી પણ રાજ્યની તિજોરી પરની અસરની ચિંતા છે : અમિત ચાવડા

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને રાજ્યમાં કોરોના દર્દીઓની વધી રહેલી સંખ્યાની ચિંતા નથી, પણ રાજ્યની તિજોરી પર થયેલી અસરની ચિંતા વધારે છે. આ આક્ષેપ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ કર્યો છે.

અમિત ચાવાડાએ ગુજરાત સરકાર સામે શાબ્દિક પ્રહાર કરતા કહ્યું કે, નીતિન પટેલ લોકડાઉનના કારણે રાજ્યની તિજોરી પર ભારે આર્થિક નુકસાન થયાનો દાવો કરે છે. તો સવાલ એ છે કે શું લોકડાઉનમાં ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારને નુકસાન થયું નથી ? તેમનું બજેટ ખોરવાયું નથી ? તેમનું આર્થિક ભારણ વધ્યું નથી ?

સરકારે ગરીબ અને મધ્યમ વર્ગને જે આર્થીક નુકસાન થયું તેનો અભ્યાસ કર્યો નથી ? લોકડાઉનના કારણે અનેક લોકોની નોકરી ઓ છૂટી ગઈ ધંધા રોજગાર ઠપ્પ થયા પણ એની ચિંતા સરકારે કરી નથી ? કોંગ્રેસે કહ્યું કે, સરકારની આવક ઘટી તો તેનો ભાર પ્રજા પર કેમ. સરકારે નકલી ઉત્સવો અને જાહેર ખબર પાછળના ખર્ચ બંધ કરવો જોઈએ. મુખ્યમંત્રી માટે લેવાયેલું ૨૦૦ કરોડનું વિમાન કેમ રદ ન કરવું જોઈએ એ સવાલ છે.

ભાજપા સરકારની નિતિ છે કે લોકો પાસેથી રોકડા વસૂલી રાહત માટે લોકોને બેંકમાં મોકલવાનાં આવે છે. ૨૨ વર્ષમાં કરોડની જમીન ઉદ્યોગપતિઓને મફતમાં આપી ત્યારે સરકારી તિજોરી પર અસર થઈ ન હતી.

રથયાત્રાની જગનાથ મંદિર દ્વારા તડામાર તૈયારીઓ શરુ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદની પ્રસિદ્ધ જગન્નાથ મંદિરની રથયાત્રાને રાજ્ય સરકાર દ્વારા મર્યાદિત સંખ્યાના ભાવિકો સાથે પરિભ્રમણની સત્તાવાર મંજુરી આપવામાં આવી છે. રથયાત્રા સાથે ૨૦૦ ભાવિકો જોડાઈ શકશે. જેમની યાદી રાજ્ય સરકારને અગાઉથી આપવી પડશે.

અમદાવાદ શહેરમાં આગામી ૨૩ જૂને જગન્નાથજીની રથયાત્રા યોજાશે જ્યારે આ રથયાત્રાને લઈને જગન્નાથ મંદિર તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મંદિર પર લાઈટિંગ ડેકોરેશનનું કામ શરૂ કરવામાં આવ્યુ છે. રથયાત્રાને લઈને મંદિર બહાર બેનર પણ લગાવી દેવામાં આવ્યા છે. કોરોના સંકટ વચ્ચે શ્રદ્ધાળુઓ ઘરે બેસીને જ રથયાત્રાના દર્શન કરે તેવી પણ મંદિર તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

રથયાત્રા જે રૂટ પર પસાર થવાની છે તે રિસેરફેસ કરવામાં આવી રહ્યા છે. મહાપાલિકાએ પણ રથાયાત્રાના રોડને મરામત કરવાની કામગીરી કરી છે.

કચ્છમાં સતત ત્રીજા દિવસે ભૂકંપના આંચકા

૪.૬ની તીવ્રતાના આંચકા, ભચાઉ કેન્દ્રબિંદુ હોવાની સંભાવના : નાગરિકોમાં ગભરાટ

કચ્છ,તા.૧૬

કચ્છમાં ભૂકંપના આંચકાઓ સતત ત્રીજા દિવસે ચાલુ રહ્યા છે. આજે ફરી એક વખત ૪.૬ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભચાઉ નજીક તેનું એપી સેન્ટર છે. કચ્છમાં રવિવારે ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ની ભૂકંપની યાદો તાજી કરાવે તેવો આફ્ટરશોક ૧૯ વર્ષ બાદ અનુભવાયો. રવિવારે ૫.૩ની તીવ્રતાના ભૂકંપ બાદ ગઈ કાલે ૪.૬ની તીવ્રતાથી ધરા ધ્રૂજી હતી. આજે ફરીથી ૧૦.૪૩ કલાકે ભૂકંપનો આંચકો આવ્યો છે. છેલ્લા ત્રણેક દિવસથી ભૂકંપના આંચકાઓ ભચાઉથી આસપાસ કેન્દ્રબિંદુમાં નોંધાયા છે. ગઈ કાલે ભચાઉથી ઉત્તરપૂર્વમાં ૧૫ કિમી દૂર ૨૬ કિમી ઊંડાઈએ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. કોરોના કહેર વચ્ચે સતત ત્રીજા દિવસે ભૂકંપના આંચકા અનુભવાયા છે. આજે ૧૦.૪૩ કલાક વધુ એક વખત કચ્છમાં ભૂકંપના આંચકો નોંધાયો છે.

કચ્છમાં ફરી ભૂકંપનાં આંચકા અનુભવાયા, ભચાઉમાં કેન્દ્ર બિંદુ હોવાની સંભાવના છે. ભચાઉ નજીક આજે ફરીથી સતત ત્રીજા દિવસે ધરા ધ્રૂજી ઊઠી છે. ગઈકાલે ૧૨.૫૬ મીનીટે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ૪.૬ની તીવ્રતાથી ધરતી ધ્રૂજી હતી.

અથડામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૭.૩૦ વાગ્યે વાતચીત ફરી શરૂ થઈ. સરહદના સંજોગોને જોતા, સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ખુદ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ વિપિન રાવત અને દિલ્હીમાં ત્રણ સશસ્ત્ર દળોના વડાઓ સાથે મહત્વની બેઠક યોજી છે. રાજનાથ સિંઘના સત્તાવાર નિવાસસ્થાન ૨૪, અકબર રોડ પર યોજાયેલી આ બેઠકમાં આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવાણે, હવાઈ ચીફ ચીફ આર.કે.એસ. ભદૌરીયા અને નૌકાદળના વડા કરમબીરસિંહે ભાગ લીધો હતો. બીજી તરફ, આર્મી ચીફ જનરલ એમએમ નરવાણેની પઠાણકોટ લશ્કરી સ્ટેશનની મુલાકાત રદ કરવામાં આવી હતી. ભારતીય સૈન્યએ આ લોહિયાળ સંઘર્ષમાં એક અધિકારી અને બે જવાન ગુમાવ્યા હતા. ચીનના પણ ત્રણ કે તેથી વધુ સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે, પરંતુ ચીની સૈન્યએ હજી તેની પુષ્ટિ કરી નથી. પૂર્વ લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે તનાવ ટોચ પર પહોંચી ગયો છે. ગાલવાન ખીણમાં સૈન્યની પીછેહઠ માટેની કવાયત દરમિયાન બંને દેશોની સેના વચ્ચે અથડામણના અહેવાલો છે. સેનાના જણાવ્યા મુજબ હિંસક સંઘર્ષમાં ભારતે એક અધિકારી અને બે સૈનિકોને ગુમાવ્યા છે. ચીનને કેટલું નુકસાન થયું છે તેની કોઈ માહિતી આપવામાં આવી નથી. આ મોટી ઘટના પછી, બંને સૈન્યના વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર મળ્યા હતા અને પરિસ્થિતિને સંભાળવા પ્રયાસ કરી રહ્યા છે. ૧૫ જૂનના રોજ, ગાલવાન વેલી અને હોટ સ્પ્રિંગ વિસ્તારમાં બ્રિગેડ કમાન્ડર અને સ્થાનિક કમાન્ડર સ્તરની એક બેઠક હતી. ત્યારબાદ તે જ રાત્રે ગાલવાન વેલીમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી.

આ વર્ષના મે મહિનાના પ્રારંભિક સપ્તાહમાં એલએસી પર બે વખત ભારતીય સેના સાથે અથડામણ થયા બાદ ચીનની પીપલ્સ લિબરેશન આર્મી બે બ્રિગેડના ૬,૦૦૦ થી વધુ સૈનિકો સાથે, પૂર્વ લદ્દાખના ચાર, ગાલવાન ખીણમાં ત્રણ અને પેંગોંગ તળાવ નજીક એક સ્થળ પાસે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો.

દેશનું અર્થતંત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંઘશક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. કેન્દ્ર અને રાજ્યોએ સાથએ મળીને કોરોના સામે જંગ લડી અને તેને નિયંત્રિત કરી શક્યા. વડાપ્રધાન સાથે વીડિયો કોન્ફરન્સમાં ૨૧ રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ગર્વનર પણ જોડાયા હતા. આ બેઠકમાં પીએમએ જણાવ્યું કે તાજેતરમાં અર્થતંત્ર ફરી પાટે ચડી રહ્યું હોવાના સંકેત મળી રહ્યા છે. અર્થતંત્રમાં સુધારો એ સારી બાબત છે અને આગામી સમયમાં તેમાં વધુ સુધારો નોંધાશે તેમ વડાપ્રધાને જણાવ્યું હતું. અર્થતંત્ર ખુલવાથી લોકોએ સુરક્ષાને સાઈડલાઈન નથી કરવાની. નાગરિકોએ પોતે તેમજ તેમના પરિવારજનોને પણ સુરક્ષિત રહેવા માટે પુરતી તકેદારી રાખવાની છે.

મોદીએ કહ્યું કે, એમએસએમઇ અને વેપાર ઉદ્યોગો માટે મૂલ્ય સાંકળ બનાવવા પર પણ કામ કરવાની જરૂર છે. રાજ્યોએ ચોક્કસ વિસ્તારોમાં માલના ૨૪ કલાક લોડિંગ અને અનલોડિંગની મંજૂરી આપવી જોઈએ જેથી શહેરો વચ્ચે નૂર ખસેડવામાં કોઈ મુશ્કેલી ન આવે. સરકારે ખેડૂતો માટે અનેક પગલાની જાહેરાત કરી છે જેનાથી તેમની આવકમાં વધારો થશે. તેમની પાસે પાક વેચવાના ઘણા વિકલ્પો હશે. ખેડૂતોની આવક વધવાથી માંગમાં વધારો થશે અને અર્થવ્યવસ્થાને વેગ મળશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું કે ભારતમાં કોરોના જેટલી ખરાબ અસર વિશ્વના અન્ય દેશો પર જોવા મળી છે તેટલી વસ્તી દ્વારા તેટલી ખરાબ અસર દર્શાવી શકી નથી. કોરોના કટોકટી અંગે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથેની વીડિયો કોન્ફરન્સ દરમિયાન મોદીએ કહ્યું હતું કે અર્થવ્યવસ્થા પાટા પર પાછા આવવાના સંકેતો છે. તેમણે કહ્યું કે ઉત્તરપૂર્વ અને આદિજાતિ વિસ્તારોમાં સજીવ ખેતીની અપાર સંભાવના છે. આ માટે તે જરૂરી છે કે દરેક બ્લોક અને જિલ્લામાં ચોક્કસ ઉત્પાદનોની ઓળખ કરવી જોઈએ.

વડાપ્રધાન સાથે વીડિયો કોન્ફરન્સમાં ૨૧ રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ગર્વનર પણ જોડાયા હતા. આ બેઠકમાં પીએમએ જણાવ્યું કે તાજેતરમાં અર્થતંત્ર ફરી પાટે ચડી રહ્યું હોવાના સંકેત મળી રહ્યા છે. અર્થતંત્રમાં સુધારો એ સારી બાબત છે અને આગામી સમયમાં તેમાં વધુ સુધારો નોંધાશે તેમ મોદીએ જણાવ્યું હતું.

ભારતીય સૈન્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. માનવામાં આવી રહ્યું છે કે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠક ટૂંક સમયમાં દિલ્હીમાં યોજાઈ શકે છે. માનવામાં આવે છે કે સૈન્ય અધિકારીઓ ચીની સેના સાથેના વિવાદ અંગે સંરક્ષણ પ્રધાનને પ્રતિક્રિયા આપી રહ્યા છે. આ ઉપરાંત વિદેશ મંત્રાલય અને વડા પ્રધાન કાર્યાલયના અધિકારીઓ પણ આખી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. સૂત્રો કહે છે કે સંરક્ષણ પ્રધાન અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી એલએસી પર ઉદ્ભવતા પરિસ્થિતિને લઈને મંગળવારે સાંજે બેઠક યોજી શકે છે. તમને જણાવી દઈએ કે એલએસી પર મંગળવારે બપોરે ભારતીય સૈન્ય અને ચીનની પીપલ્સ લિબરેશન આર્મી વચ્ચે હિંસક અથડામણના સમાચાર આવ્યા હતા. આ સંઘર્ષમાં ભારતીય સેનાના અધિકારી સહિત કુલ ૩ જવાનો શહીદ થયા છે. આ સિવાય આ અથડામણમાં ચીનને પણ નુકસાનનો સામનો કરવો પડ્યો છે.

ડબલ દંડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. તે જ સમયે, ઈલેક્ટ્રોનિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે મોટી રાહત આપવામાં આવી છે. હેલ્મેટ વગર પકડાવા બદલ તેને બે વાર દંડ ફટકારવામાં આવ્યો છે. તે જ સમયે, ઈમરજન્સી વાહનોને રસ્તો ન આપવા બદલ ૧૦,૦૦૦ રૂપિયા દંડની જોગવાઈ કરવામાં આવી છે. મંગળવારે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં સરકારે નિર્ણય કર્યો હતો કે ઈલેક્ટ્રોનિક વાહનો પરના ટેક્સમાં છૂટ મળશે. સરકારના પ્રવક્તા સિદ્ધાર્થ નાથ સિંહે કહ્યું કે ઈલેક્ટ્રોનિક વાહનોના વેચાણને પ્રોત્સાહન આપવા આ છૂટ આપવામાં આવી છે. સરકારના તમામ પ્રયાસો છતાં લોકોમાં હેલ્મેટ અંગે જાગૃતિ નથી. તેથી હવે સરકારે હેલ્મેટ લાગુ ન કરવા બદલ દંડ વધાર્યો છે. પ્રવક્તાએ કહ્યું કે અગાઉ હેલ્મેટ વગર પકડાયા હોવાના કારણે ૫૦૦ રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો હતો. હવે તેને વધારીને ૧૦૦૦ રૂપિયા કરવામાં આવી છે.

ઉપદ્રવ ડામવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્યા છે. ત્યારે સેકટરોની શેરીઓમાં પણ સ્વચ્છતાની કામગીરી યોગ્ય થાય તેમજ વરસાદી પાણીના ભરવાની સાથે યોગ્ય દવાનો છંટકાવ તેમજ મચ્છર ઉત્તપત્તિ સ્થાનોને ડામવા માટે અસરકારક દવા છાંટવામાં આવે તેવી પણ માંગ સ્થાનિક નગરજનોએ ઉઠાવી છે. ગત વર્ષ દરમિયાન પણ શહેરમાં ડેન્ગયુના રોગચાળાએ જોર પકડયુ હતુ ત્યારે આગામી દિવસોમાં પણ ડેન્ગયુ મેલેરિયા જેવા રોગચાળાને ડામવા માટે તંત્રએ ત્વરિત કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે.

પાંચ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ દંપતિ ફોરેન્સીક સાયન્સ લેબમાં નોકરી કરે છે અને તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

સે. ૧૩-એ માંથી પણ એક ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

તંત્ર દ્વારા આ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે તેમજ તેમના નિવાસસ્થાન અને આસપાસના વિસ્તારોમાં સેનીટાઈઝેશનની કામગીરી કરી સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્ર સતર્ક બન્યુ છે. જો કે હવે તંત્ર દ્વારા નાના કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવી રહ્યા છે. શહેરમાં હાલ ૫૦૦ જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા શહેરમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે તેમજ હવે શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્ર દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન પણ કડક રીતે અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૬૦ વર્ષથી વધુ વયના દર્દીઓ મળી રહ્યા છે તે તંત્રની ચિંતાનો વિષય બન્યા છે. તંત્ર દ્વારા આયુર્વેદના ઉકાળાનું વિતરણ પણ સઘન કરવામાં આવ્યું છે.

મતદાન કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાશે એટલુ જ નહિ ધારાસભ્યોએ પણ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવું પડશે અને ફરજીયાત માસ્ક પહેરવો પડશે.

ભાજપના અમદાવાદ શહેરના ત્રણ ધારાસભ્યો જગદીશભાઈ પંચાલ, બલરામ થાવાણી અને કિશોરભાઈ ચૌહાણ જે કોવિડ-૧૯થી સંક્રમિત થયેલા છે તેઓ પી.પી.ઈ. કીટ પહેરીને મતદાન માટે આવશે.

આ ચૂંટણીમાં પ્રોક્સી વોટની જોગવાઈનો અમલ નહિ થાય. આ ચૂંટણી માટે સફેદ રંગનું ખાસ બેલેટ તૈયાર કરવામાં આવ્યુ હોવાનું પણ જામવા મળેલ છે.

રાજ્યસભાની આ ચૂંટણીને લઈ પંચ દ્વારા ખાસ કંટ્રોલરૂમ પણ ઉભો કરવામાં આવ્યો છે.

મતદાન કરવા આવતા તમામ ધારાસભ્યોનું ટેમ્પરેચર પણ ટેમ્પરેચર ગનથી ચેક કરવામાં આવશે.

રાજ્યસભાને લઈ પાટનગરમાં રાજકીય પ્રવાહો ઉત્તેજીત બનીને વહી રહ્યા છે. બન્ને પક્ષો દ્વારા તેમના ઉમેદવારોના વિજય અંગેના દાવાઓ કરવામાં આવી રહ્યા છે.